# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં'ના મંત્ર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાથી કૂવા રિચાર્જ અભિયાનનો પ્રારંભ કરાવ્યો
2. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના 600થી વધુ ડ્રોનને BSFએ ભૂમિ અને હવાઈ દળની મદદથી નિષ્ફળ બનાવ્યા
3. રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓના પ્રવાસમાં બે ગણવેશધારી પોલીસકર્મીઓની હાજરી ફરજિયાત
4. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દમણના સરોજ પટેલ સહિત દેશની 15 નર્સને રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગેલ પુરસ્કારથી સન્માનિત કર્યા
5. દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયા કિનારેથી 6 કરોડથી વધુની કિંમતનો માદક પદાર્થનો જથ્થો મળ્યો
6. IPLમાં, આજે એલિમિનેટર રાઉન્ડમાં, ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM BANASKANTHA

સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે તેવા મંત્ર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લા ખાતેથી કૂવા રિચાર્જ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે જનશક્તિને જળસંગ્રહ, જળસંચયના અભિયાનમાં જોડીને ગુજરાત વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બન્યું.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે જણાવ્યું કે બનાસકાંઠામાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવવા રાજ્ય સરકાર અંદાજે 50 હજાર રિચાર્જ કૂવા બનાવશે. જેનાથી જળસંચયના પ્રયાસો વધુ વેગવાન બનશે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે જણાવ્યું કે જળસંચય માટે દેશમાં 24 લાખ 20 હજાર પાણીના સ્ટ્રક્ચર તૈયાર કરાયા છે. તેમણે ઉમેર્યું કે બનાસકાંઠા જિલ્લાને ડાર્ક ઝોનમાંથી બહાર નીકાળવા છેલ્લા એક વર્ષથી કામ કરવામાં આવી રહ્યું છે.

(બાઇટ: સી. આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી)

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, બનાસ ડેરી જિલ્લામાં 25 હજાર રિચાર્જ કુવા બનાવશે જેમાં 50 ટકા સહાય બનાસ ડેરી દ્વારા ખેડૂતોને આપવામાં આવશે.

કેન્દ્ર સરકારના "જળ શક્તિ અભિયાન: કેચ ધ રેઇન – ૨૦૨૫" અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં "જળ સંચય જન ભાગીદારી" હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.

---------------

## BSF PRESS

BSF ગુજરાતના મહાનિરીક્ષક-IG અભિષેક પાઠકે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના 600થી વધુ ડ્રોનને BSFએ ભૂમિ અને હવાઈ દળની મદદથી નિષ્ફળ બનાવ્યા હતા. પહેલગામ આતંકી હુમલાની નિંદા કરતા શ્રી પાઠકે જણાવ્યું કે આ આતંકવાદી હુમલા બાદ ભારતને જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડી. તેમણે જણાવ્યું કે પાકિસ્તાને ગુજરાતની સરહદ પર ટેન્ક ગોઠવી દીધાની માહિતી મળતા જ ગુજરાત BSF એ દુશ્મનને યોગ્ય જવાબ આપવા માટે તૈયારી શરૂ કરી દીધી.

(બાઇટ : અભિષેક પાઠક, BSF IG, VILLAGE MOCKDRILL)

તેમણે મહિલા સુરક્ષા કર્મીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે ઓપરેશન દરમિયાન મહિલા સુરક્ષા કર્મીઓએ જવાનો સાથે ખભાથી ખભો મિલાવી સાહસિકતા દર્શાવી.

(બાઇટ : અભિષેક પાઠક, BSF IG, WOMEN BSF)

----------------

## SCHOOL TOUR

રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓના પ્રવાસ, ટુર, પિકનિક કે મુલાકાત જેવા કાર્યક્રમોમાં બે ગણવેશધારી પોલીસકર્મીઓની હાજરી ફરજિયાત બનાવાઇ છે. જો પ્રવાસમાં વિદ્યાર્થિનીઓ સામેલ હોય, તો મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા શિક્ષણ વિભાગના અગ્ર સચિવને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે નિર્દેશ આપ્યો છે. આ કામગીરી

માટે શાળાના આચાર્યએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પણ તેમણે જણાવ્યું છે. શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા-સલામતિ સુનિશ્ચિત કરવા તથા વિદ્યાર્થીઓ-પોલીસ વચ્ચે સેતુ બંધાય તે ઉદ્દેશ્યથી આ નિર્ણય  લેવાયો છે.

---------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# RUSHIKESH PATEL - PHARMA MOU

ગત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ફાર્મા સેક્ટરના કુલ 370 જેટલા સમજૂતી કરાર-MOU થયા છે. જેમાંથી 175 પર કામગીરી ચાલી રહી છે, જ્યારે 153 પૂર્ણતાના આરે છે. આ MOUથી 11 હજાર કરોડ રૂપિયાનું મૂડીરોકાણ પ્રાપ્ત થયું છે, જેના થકી રાજ્યમાં 20 હજાર 141 લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે ગુજરાતનું વિશ્વમાં મહત્વનું સ્થાન છે. ઉલ્લેખનીય છે કે, દેશના ફાર્માસ્યુટિકલના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 33 ટકા છે, અને વિશ્વના 200 દેશમાં દવાઓની નિકાસ કરવામાં આવે છે. તો ભારતની કુલ ફાર્માસ્યુટિકલ નિકાસમાં પણ ગુજરાત આશરે 28 ટકા જેટલા હિસ્સા સાથે દેશમાં અગ્ર ક્રમાંકે છે.

----------------

## OPERATION SHIELD

આવતીકાલે બનાસકાંઠા, અમદાવાદ, જામનગર, ડાંગ, ગાંધીનગર સહિતના જિલ્લામાં "ઓપરેશન શિલ્ડ" અંતર્ગત મોકડ્રીલ યોજાશે.

બનાસકાંઠા જિલ્લાના વાવ-સુઈગામ વિસ્તારના તમામ ગામડાઓમાં રાત્રે 7.45 થી 8.15 સુધી બ્લેક આઉટ કરાશે. જ્યારે જામનગર જિલ્લામાં રાત્રે 8 થી 8.30 કલાક દરમિયાન બ્લેક આઉટ રહેશે. અમદાવાદ શહેરમાં શાહીબાગ કેન્ટોનમેન્ટ ખાતે, જ્યારે વીરમગામમાં પોલીસ લાઇન ખાતે મોકડ્રીલ યોજાશે. આ બંને સ્થળે સાંજે પાંચ વાગ્યાથી જુદી જુદી છ પ્રકારની પ્રવૃતિનો અભ્યાસ કરાશે. ઉપરોક્ત બંને સ્થળે રાત્રે 7.45 વાગ્યાથી બ્લેકઆઉટ રહેશે. ડાંગ જિલ્લાના આહવામાં રાત્રે 8 થી 8.30 કલાક દરમિયાન બ્લેક આઉટ રહેશે. ગાંધીનગર તાલુકાના લેકાવાડા ખાતે પણ રાત્રે 8 થી 8.30 કલાક સુધી બ્લેકઆઉટ માટે સ્વેચ્છાએ સંપૂર્ણ વીજળી બંધ કરવા તંત્રએ અપીલ કરી છે.

----------------

## FLORENCE NIGHTINGALE AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશની 15 નર્સ અને સહાયક નર્સ મિડવાઈફ-ANMને રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગેલ પુરસ્કારથી સન્માનિત કર્યા છે. જેમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણની ANM સરોજ પટેલને પણ આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે સરોજ પટેલ હાલ દેવકા વેલનેસ સેન્ટરમાં ફરજ બજાવે છે. ઉલ્લેખનીય છે કે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર આરોગ્ય મંત્રાલય દ્વારા દેશમાં નર્સિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ અને સમર્પિત સેવાઓ બદલ આપવામાં આવે છે.

----------------

## DWARKA MADAK PADARTH

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયા કિનારેથી 6 કરોડ 61 લાખથી વધુની કિંમતનો માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો છે. અમારા પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે કલ્યાણપુરના ગોજીનેશ ગામના દરિયા કિનારેથી અફઘાની બિન વારસુ માદક પદાર્થનો 13 કિલોથી વધુનો જથ્થો મળી આવ્યો છે. મોટા પ્રમાણમાં ચરસનો જથ્થો મળી આવતા પોલીસે દરિયાઈ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

----------------

# BY ELECTION CANDIDATE

મહેસાણા જિલ્લાની કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આમઆદમી પાર્ટીએ જગદીશ ચાવડાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. જ્યારે પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીએ કડી બેઠક માટે ગિરીશ કાપડિયા અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક માટે કિશોર કાનકડને ઉમેદવાર બનાવ્યા છે. મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક માટે યોજાનારી પેટા-ચૂંટણી માટે આગામી 19 જૂને મતદાન થશે, અને 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપેન્દ્ર ભાયાણીએ રાજીનામું આપતા અને કડી બેઠક પર કરશન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.

---------------

# GRAM PANCHAYAT ELECTION POSTPONE

કડી વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેસાણ, જુનાગઢ ગ્રામ્ય તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની યોજાનાર ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કડી અને વિસાવદર મતવિભાગમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોવાથી તમામ ચૂંટણી સ્ટાફ વિધાનસભા

પેટા ચૂંટણીમાં રોકાયેલો હોવાથી કડી અને વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રખાઇ છે.

. . . . . . . . . . . .

## MORBI DEATH

મોરબી જિલ્લાના કડીયાણા ગામે વોકળામાં ન્હાવા પડેલા બે બાળકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે ગામના ખેતરની બાજુમાંથી પસાર થતા વોકળામાં બે બાળકો ન્હાવા પડ્યા હતા દરમિયાન બંને બાળકો પાણીમાં ગરકાવ થયા હતા. ઘટનાની જાણ થતાં ગ્રામજનોએ બંને બાળકોના મૃતદેહ બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી.

----------------

## IPL 2025

ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPL T20 ક્રિકેટમાં, આજે એલિમિનેટર રાઉન્ડમાં ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે. ચંદીગઢમાં રમાનારી આજની મેચમાં મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

આજની મેચની વિજેતા ટીમ 1 જૂને ક્વોલિફાયર-2 માં પ્રવેશ કરશે જ્યાં તે પંજાબ કિંગ્સનો સામનો કરશે.

----------------

# WEATHER

રાજ્યમાં વરસાદ લંબાશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આવતીકાલથી વરસાદનું જોર ઘટતા તાપમાનમાં વધારો થાય તેવી શક્યતા છે. જ્યારે ઉત્તર પૂર્વ અને  દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વીજળીના કડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો માછીમારોને 1 જૂન સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

----------------

# SOMNATH - PEVAR BLOCK PLANT

સોમનાથ યાત્રાધામમાં પ્લાસ્ટિકનો ફરીથી ઉપયોગ કરી શકાય તે હેતુસર પ્લાસ્ટિક ઇન્ફ્યુઝ પેવર બ્લોક મેન્યુફેક્ચર પ્લાન્ટ બનાવવામાં આવશે. આ માટે ઇણાજ ખાતે યોજાયેલી વિડીયો કોન્ફરન્સિંગ બેઠકમાં નક્કી થયા મુજબ મંદિર અને આસપાસના પરિસરમાં એકઠા થતાં પ્લાસ્ટિકના કચરામાંથી જ આ પેવરબલોક બનાવવામાં આવશે. આ પ્લાન્ટ થકી સ્થાનિક મહિલાઓને રોજગારી પણ પૂરી પાડવામાં આવશે.

----------------